સરકારી અધિકારી/કર્મચારીના અવસાન
પ્રસંગે તેના કુટુંબને તાત્કાલિક સહાય
મળવા બાબત.

ગુજરાત સરકાર
નાંણા વિભાગ
ઠરાવ નંબર:નવત -૧વ૯૫-૭૦૬-પ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૩૦-૬-૧૯૯૭.

વંચાણે લીધા :-

(૧) નાણા વિભાગનો ઠરાવ નં.એનવીએન-૫૦૬૬-ડી-૧૨૧-જે.તા.૮-૭-૧૯૬૬.
(૨) નાણા વિભાગનો ઠરાવ નં.એનવીએન-૫૦૬૬-જે.તા.૨-૧-૧૯૬૭.
(૩) નાણા વિભાગનો ઠરાવનં. એનવીએન-૧૦૭૧-૪૬૯૮-જે.તા.૨૩-૧૨-૧૯૭૧.
(૪) નાણા વિભાગનો ઠરાવ નં. એનવીએન-૧૦૭૨-૧૧૨-જે.તા.૭-૧-૧૯૭૨.
(૫) નાણા વિભાગનો ઠરાવ નં.એનવીએન-૧૦૭૪-૩૭૫-જે.તા.૧૯-૨-૧૯૭૪.

ઠ રા વ

ચાલુ સેવા દરમિયાન અવસાન પામતા અધિકારી/કર્મચારીના કુટુંબ ઉપર આવી પડેલી આપત્તિમાં તાત્કાલિક સહાયરુપ બની શકાય તે માટે આમુખમાં દર્શાવેલ ક્રમ-૧ થી ૫ ના નાણા વિભાગના ઠરાવ પ્રમાણે વર્ગ-૪ ના કિસ્સામાં રૂા.૧૦૦૦/- અને તે સિવાયના અન્ય અધિકારીઓ/કર્મચારીઓના કિસ્સામાં રૂા.૫૦૦/- ની રકમ ઉચ્ચક સહાય તરીકે ચૂકવવા માટેની સરકારશ્રીની હાલની નીતિ છે.

૨. આ સંદર્ભમાં સરકારી અધિકારીઓ/કર્મચારીઓની લાંબા સમયની લાગણીને ધ્યાનમાં રાખીને કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉપર આમુખમાં દર્શાવેલ ઠરાવોની તમામ જોગવાઇઓને રદ કરીને હવેથી વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીના તમામ અધિકારીઓ/કર્મચારીઓને એક સમાન ધોરણે ઉચ્ચક સહાયની રકમ રૂા.૨,૫૦૦/-(અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા) ચૂકવવાનું ઠરાવેલ છે.

૩. ચાલુ સેવા દરમિયાન એટલેકે , ચાલુ સેવામાં હોય અથવા મળવાપાત્ર રજા ઉપર હોય તેવા સમયમાં કે અસાધારણ રજા ઉપર હોય તેવા સમયમાં થયેલ અવસાન પ્રસંગે પણ ઉકત સહાય મળવાપાત્ર થશે.

૪. ઉપર(૨)માં જણાવેલ ઉચ્ચક સહાયની રકમ અવસાન પામેલ અધિકારી/કર્મચારીના કાયદેસરના વારસદારને મળવાપાત્ર થશે.

૫. ઉપર જણાવેલ સહાયની રકમ મંજૂર કરવાની સત્તા મૃત્યુ પામનાર અધિકારી/કર્મચારી કે જેઓ છેલ્લે જે કચેરીમાં ફરજ બજાવતા મૃત્યુ પામ્યા હોય તે કચેરીના વડાને આપવામાં આવે છે.

૬. આ હુકમો આ ઠરાવ પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

શામજી પટેલ
નાયબ સચિવ
નાણા વિભાગ.

પ્રતિ,

X રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
બધા મંત્રી/નાયબ મંત્રીશ્રી/રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો.
બધા કલેકટર/બધા જિલ્લા વિકાસ અધિકારી.
બધા તિજોરી અધિકારી/બધા પેટા તિજોરી અધિકારી.
નિરીક્ષકશ્રી ,સ્થાનિક ભંડોળ હિસાબ ,અમદાવાદ.
બધા જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી/બધા ખાતા/કચેરીના વડા.
X સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
X રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઇકોર્ટ ,અમદાવાદ.
X સચિવશ્રી,ગુજરાત રાજ્ય તકેદારી આયોગ,ગાંધીનગર.
X સચિવશ્રી ,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
X અધ્યક્ષશ્રી ,ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ,ગાંધીનગર.
સરકારમાન્ય તમામ સરકારી કર્મચારી મંડળો.
તમામ માન્ય પંચાયત સેવા કર્મચારી મંડળો.
બધા નિગમો/બોર્ડ/યુનિવર્સિટીઓ.
એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ)અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ)અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી,અમદાવાદ/ ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી,અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી,પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી,અમદાવાદ.
નિયામકશ્રી,હિસાબ અને તિજોરીઓ, અમદાવાદ.
નાણા વિભાગની તમામ શાખાઓ,
સિલેકટ ફાઇલ.
'ક' વહેંચણી.

---

X પત્ર ધ્વારા